# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. G-7 સમિટમાં ભાગ લેવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્લોવાકિયાથી ફ્રાન્સ જવા રવાના.
2. આધારકાર્ડનો નાગરિકતા અને સરનામાના પુરાવા તરીકે દુરુપયોગને લગતી અરજી પર કેન્દ્ર અને રાજ્યો પાસેથી સર્વોચ્ચ અદાલતે જવાબ માંગ્યો.
3. NEET UGની પુનઃપરીક્ષા અગાઉ સરકારે 22મી જૂન સુધી સોશિયલ મીડિયા એપ ટેલિગ્રામ પર પ્રતિબંધ મૂક્યો.
4. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ બાદ સલામત રીતે બહાર આવેલુ ભારતનું પ્રથમ વાણિજ્યિક જહાજ દિશા 18 જૂને ગુજરાતના દહેજ બંદરે પહોંચશે.
5. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું વિસ્તરણ ફક્ત બિન-કાયમી સભ્યપદ પૂરતું મર્યાદિત રહેશે તો સુધારાના પ્રયાસો નિષ્ફળ નિવડવાની ભારતની ચેતવણી.
6. ઇરાન - અમેરિકા વચ્ચેની સંધિની વધતી શક્યતાઓને પગલે ભારતીય શેરબજારમાં સતત ત્રીજા સત્રમાં તેજી.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-SLOVAKIA CONCLUDE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્લોવાકિયાની મુલાકાત બાદ આજે ફ્રાન્સ જવા રવાના થયા. તેઓ ફ્રાન્સમાં જી-7 સમિટમાં ઉપસ્થિત રહેશે. દરમિયાન તેમણે સ્લોવાકિયાની તેમની મુલાકાતના પરિણામો ભારત અને સ્લોવાકિયા વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવામાં ઘણી મદદ કરશે તેમ કહ્યું છે.

સ્લોવાકિયાની મુલાકાત બાદ શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, બંને દેશો વચ્ચે મજબૂત વેપાર સંબંધો યુવાનોને ખૂબ ફાયદો કરાવશે. તેમણે સ્લોવાકિયાની સરકાર અને લોકોનો ઉષ્માભર્યો આભાર વ્યક્ત કર્યો અને તેમના સ્લોવાકિયાના સમકક્ષ રોબર્ટ ફિકોનો આભાર માન્યો.

# SC- AADHAAR

સર્વોચ્ચ અદાલતે આજે યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરાયેલા આધાર કાર્ડનો નાગરિકતા, નિવાસસ્થાન અને સરનામાના પુરાવા તરીકે દુરુપયોગ કરવાનો આરોપ લગાવતી અરજી પર કેન્દ્ર અને રાજ્યો પાસેથી જવાબ માંગ્યો છે. અરજીમાં ફક્ત ઓળખ માટે જ તેનો ઉપયોગ પ્રતિબંધિત કરવાની અરજીમાં માંગ કરાઇ હતી.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ વી મોહનાની બેન્ચે કેન્દ્ર અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ જારી કરી હતી. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે, ફોર્મ-6 હેઠળ હાલની ચકાસણી પદ્ધતિ અપૂરતી છે અને યોગ્ય સહાયક દસ્તાવેજો વિના વ્યક્તિઓને ચૂંટણી ડેટાબેઝમાં સામેલ કરવાની મંજૂરી આપી શકે છે.

# NTA-TELEGRAM BAN

21 જૂને યોજાનારી NEET UGની પુનઃપરીક્ષા પહેલા સરકારે 22મી જૂન સુધી ઓનલાઈન મેસેજિંગ અને સોશિયલ મીડિયા એપ ટેલિગ્રામ પર પ્રતિબંધ મૂક્યો છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી NTAએ ભારતમાં ટેલિગ્રામ ઍક્સેસને નિર્ધારિત અને મર્યાદિત સમયગાળા માટે પ્રતિબંધિત કરવાના ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય (MEITY)ના નિર્દેશોને આવકાર્યા છે.

# NTA NEET-ADMIT

મેડિકલમાં પ્રવેશ માટે લેવાનારી NEET UGની પુનઃપરીક્ષા માટે 10 લાખથી વધુ ઉમેદવારોએ તેમના એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી લીધા છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ જણાવ્યું કે, તેની ટીમો બધા ઉમેદવારો માટે સરળ ઍક્સેસ સુનિશ્ચિત કરવા માટે સર્વર પરના ભારણનું સતત નિરીક્ષણ કરી રહી છે.

એજન્સીએ એ પણ સુનિશ્ચિત કર્યું કે, બધા ઉમેદવારોને પરીક્ષા માટે સમયસર તેમના એડમિટ કાર્ડ મળી જશે.

# OM BIRLA-YOUTH PARLIAMENT (EARLY)

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ લોકશાહીમાં વધુ જનભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો. નવી દિલ્હીમાં વિકસિત ભારત યુવા સંસદ 2026ના સહભાગીઓ સાથે વાત કરતા શ્રી બિરલાએ કહ્યું કે, વિવિધ સંસ્કૃતિઓ અને વિવિધ ભૌગોલિક પરિસ્થિતિઓ સાથે દેશ વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ઉભરી આવ્યો છે.

તેમણે કહ્યું કે, લોકશાહી દેશની કાર્ય સંસ્કૃતિ અને વિચાર પ્રક્રિયાનો એક અભિન્ન ભાગ રહી છે. તેમણે વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે લોકશાહીમાં સક્રિય અને સમાવિષ્ટ ભાગીદારી જરૂરીયાત પર ભાર મૂક્યો હતો.

# LNG CARRIER- DISHA- HORMUZ

લિક્વિફાઇડ નેચરલ ગેસ LNG વહન કરતું દિશા નામનું જહાજ હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયું. આ જહાજ 62 હજાર 370 મેટ્રિક ટન LNG વહન કરે છે. અમેરિકા અને ઈરાન વચ્ચે પ્રારંભિક યુદ્ધવિરામ કરારની જાહેરાત બાદ તે હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પરિવહન કરનાર પ્રથમ વાણિજ્યિક જહાજોમાંનું એક છે.

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના ડિરેક્ટર ઉપેશ કુમાર શર્માએ જણાવ્યું કે, આ જહાજ 18 જૂન સુધીમાં ગુજરાતના દહેજ બંદર પર પહોંચવાની શક્યતા છે. અત્યાર સુધીમાં 10 ભારતીય ધ્વજવાળા અને 5 વિદેશી ધ્વજવાળા જહાજો જળમાર્ગ પર સુરક્ષિત રીતે પસાર થયા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# EMBASSY - OMAN

ઓમાનના દરિયાકાંઠે ભારતીય જહાજ એમટી સેટેબેલો પર હુમલા બાદ 21 ભારતીય ક્રૂ સભ્યો સુરક્ષિત રીતે પરત ફર્યા. ઓમાનના મસ્કત ખાતેના ભારતીય રાજદૂતે બચાવાયેલા ક્રૂ સભ્યો સાથે તેમના પ્રસ્થાન પહેલાં વાતચીત કરીને તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. એમ્બેસીએ વિદેશમાં ભારતીય નાગરિકોના કલ્યાણ અને સલામતી પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

એમટી સેટેબેલો ઓમાનના સોહરના દરિયાકાંઠે લગભગ 30 નોટિકલ માઇલ દૂર હતું, ત્યારે તેના પર હુમલો થયો હતો. આ ઘટના બાદ, ઓમાન મેરીટાઇમ સિક્યુરિટી સેન્ટરને તાત્કાલિક જાણ કરાતા ઓમાની અધિકારીઓએ શોધ અને બચાવ કામગીરી શરૂ કરી હતી, જેમાં 21 ભારતીય ક્રૂ સભ્યોને સફળતાપૂર્વક બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે આ દુ:ખદ ઘટનામાં ત્રણ નાવિકોએ જીવ ગુમાવ્યા હતા.

# UNSC- REFORMS

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું વિસ્તરણ ફક્ત બિન-કાયમી સભ્યપદ પૂરતું મર્યાદિત રહેશે તો તેમાં સુધારાના પ્રયાસો નિષ્ફળ થવાની ભારતે ચેતવણી આપી છે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરીશે સુરક્ષા પરિષદ સુધારા પર આંતર-સરકારી સલાહકાર બેઠકમાં આ નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે, સુરક્ષા પરિષદમાં જરૂરી સુધારાઓ પ્રાપ્ત કરવામાં ફક્ત બિન-કાયમી સભ્યોની સંખ્યામાં વધારો અપૂરતો અને અસફળ રહેશે. તેનાથી હાલના પાંચ કાયમી સભ્યોની નિર્ણય લેવાની શક્તિના માળખામાં મૂળભૂત ફેરફાર થશે નહીં.

## (BYTE – પી. હરીશ)

# STOCK

ઇરાન અને અમેરિકા વચ્ચે સંધિની શક્યતાઓને લઇને વૈશ્વિક બજારોની સાથે સાથે ભારતીય શેરબજારોમાં પણ તેજીનો માહોલ સર્જાયો છે. આજે સતત ત્રીજા સત્રમાં શેરબજાર વધારા સાથે ખુલ્યું હતું.

પ્રારંભે 350 અઁકના વધારા સાથે ખુલેલા માર્કેટમાં હજુ પણ તેજીનો માહોલ યથાવત છે. આઇટી સેક્ટરની આગેકૂચના પગલે સેન્સેક્સમાં 400 અંકોનો અને નિફ્ટીમાં 90 પોઇન્ટના વધારા સાથે કારોબાર થઇ રહ્યો છે.

# DAY FIFA WORLD CUP

FIFA વર્લ્ડ કપમાં, કેપ વર્ડે અને સ્પેન વચ્ચેની મેચ 0-0 ગોલ સાથે ડ્રો રહી. દરમિયાન, ગ્રુપ Gની પહેલી મેચમાં ઈરાન અને ન્યુઝીલેન્ડ વચ્ચેની મેચ પણ 2-2 થી ડ્રો થઈ હતી. કેલિફોર્નિયાના લોસ એન્જલસ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચ રોમાંચક રહી.

બીજી મેચમાં, બેલ્જિયમ અને ઇજિપ્ત વચ્ચેની ગ્રુપ Gની પહેલી મેચ 1-1 થી ડ્રો રહી. સાઉદી અરેબિયા અને ઉરુગ્વે વચ્ચે ગ્રુપ Hની પહેલી મેચ આજે અમેરિકાના મિયામી સ્ટેડિયમ ખાતે 1-1થી ડ્રો રહી. સાઉદી અરેબિયા માટે અબ્દુલ્લાહ અલ-અમરીએ 41મી મિનિટે રિબાઉન્ડથી ગોલ કર્યો, જ્યારે ઉરુગ્વેના મેક્સી અરાઉજોએ 80મી મિનિટે બરાબરી કરી હતી.

# FIH HOCKEY

ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં રમાઈ રહેલી FIH હોકી નેશન્સ કપની સેમિફાઇનલમાં ભારતીય મહિલા ટીમે પ્રવેશ કર્યો છે. ભારતે બીજા પૂલ A મેચમાં જાપાનને 2-1થી હરાવ્યું. અમેરિકા અને જાપાન સામેની જીતથી છ પોઈન્ટ સાથે પૂલ Aમાં જીતથી ભારત ટોચ પર પહોંચી ગયું.

આગામી ગુરુવારે ટુર્નામેન્ટના છેલ્લા પૂલ A મેચમાં ભારતનો મુકાબલો ઉરુગ્વે સામે થશે, જ્યારે જાપાન અને અમેરિકા પૂલ A માંથી બીજી સેમિફાઇનલમાં સ્થાન મેળવવા માટે ટકરાશે.

દરમિયાન પુરુષોની હોકીમાં, ભારત નેધરલેન્ડ્સના રોટરડેમમાં FIH હોકી પ્રો લીગમાં જર્મનીનો સામનો કરશે.

# CRICKET-TRI SERIES

શ્રીલંકામાં ચાલી રહેલી ત્રિકોણીય શ્રેણી માટે ઇજાગ્રસ્ત યુધવીર સિંહના સ્થાને ઝડપી બોલર અશોક શર્માનો ભારત-A ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. બોલિંગ કરતી વખતે યુદ્ધવીરને જમણા ખભામાં ઇજા થઈ હતી અને ફિલ્ડિંગ સેશન દરમિયાન પણ દુખાવો થયો હતો.

BCCIએ જણાવ્યું કે તબીબી ટીમે ભલામણ કરી કે, યુધવીરને ઇજામાંથી સંપૂર્ણ સ્વસ્થ થવા માટે BCCI સેન્ટર ઓફ એક્સેલન્સની દેખરેખ હેઠળ ગ્રેજ્યુએટેડ રિહેબિલિટેશન પ્રોગ્રામમાં મોકલવવામાં આવે.

ભારત-A ત્રિકોણીય શ્રેણીમાં સતત બે મેચ અફઘાનિસ્તાન-A અને યજમાન શ્રીલંકા-A સામે હારનો સામનો કરવો પડ્યો છે. ભારત-A આવતીકાલે અફઘાનિસ્તાન-A સામે ટકરાશે.